આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં એન.એસ.એસ.ના ઉપક્રમે હર ઘર તિરંગા અન્વયે ચિત્રસ્પર્ધા યોજાઈ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પ્રિ.ડૉ.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ સમધારા અને એન.એસ.એસ.ના ઉપક્રમે હર ઘર તિરંગા અભિયાન અન્વયે ચિત્રસ્પર્ધા યોજાઈ હતી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પ્રિ.ડૉ.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ સમધારા અને એન.એસ.એસ.ના ઉપક્રમે હર ઘર તિરંગા અભિયાન અન્વયે ચિત્રસ્પર્ધા યોજાઈ હતી જેમાં રાષ્ટ્રધ્વજ દર્શાવતા વિવિધ વિષયો પર ૪૦ વિદ્યાર્થીઓ એ ભાગ લઈ ચિત્રો દોર્યા હતા આ ચિત્રો નુ ૧૫ ઓગષ્ટ ના રોજ પ્રદર્શન યોજી તમામ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે આમ ધનસુરા કોલેજ મા અનેરી રીતે વિદ્યાર્થીઓ એ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી હતી.

ખેડ હાઈસ્કુલનું ગૌરવ...

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત 'કલા ઉત્સવ -૨૦૨૨ની નોડલ કક્ષાની સ્પર્ધાઓ સોમવારના રોજ હિંમતનગર તાલુકાની શ્રી રૂપાલ હાઈસ્કૂલ, રૂપાલ ખાતે યોજાઈ ગઈ જેમાં શ્રી ખેડ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો ઉત્તમ દેખાવ રહ્યો હતો. જેમાં કાવ્ય લેખન સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાંથી શ્રેયા પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ઉન્નતી ચારણ, સંગીત ગાયન સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાંથી આરતી પરમારે પ્રથમ નંબરે તેમજ સંગીત વાદન સ્પર્ધામાં યશવીર સોલંકીએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી ખેડ શાળાનું ગૌરવ વધારે છે. પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થીઓ આગામી તા.૧૩/૦૮/૨૦૨૨ના રોજ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ ઈડર મુકામે યોજાશે તેમાં નોડલનું પ્રતિનિધિત્વ કરશે. કલા ઉત્સવની પ્રવૃત્તિઓમાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી તથા શ્રી રામ સેવા ટ્રસ્ટ દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી સિંધી સમાજની જનરલ બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી બે જિલ્લાના સિંધી સમાજ ની જનરલ બેઠક યોજાઈ હતી જેમા નવિન હોદેદારો ની વરણી સહિત સમાજ ના આગેવાનોનુ સન્માન કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી સિંધી સમાજ ની બેઠક મળી હતી જેમા ભારતીય સિંધુ સભાના પ્રદેશ અધ્યક્ષ દિલીપભાઈ પબરેજા અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમા સમિતિ તેમજ હોદેદારો, કારોબારી સમિતિ ના હોદેદારો ની મુદત પુરી થતા નવિન કોરોબારી ની તથા હોદ્દેદારોની નિમણૂંક કરવામા આવી હતી જેમા સાબરકાંઠા-અરવલ્લી સિંધી સમાજ ના પ્રમુખ તરીકે ઈડરના નરેન્દ્રભાઈ. વી.લધાની ની પુનઃવરણી કરવામા આવી હતી જયારે ઉપપ્રમુખ તરીકે ચાર હોદ્દેદારો નિમાયા હતા જેમા વિજય કુમાર ચાવલા ખેડબ્રહ્મા , ગીરધારીભાઈ અસરાની હિંમતનગર , વિજય ભાઈ પેશવાની મોડાસા તેમજ જમનાદાસ નરસિંધાણી ની વરણી કરવામા આવી હતી જયારે બે મહામંત્રી માં દેવનદાસ મેધાની અને કિરણભાઈ તારાચંદ તલોદ તથા કોષાધ્યક્ષ તરીકે કિશનલાલ રાજપાલ ની સર્વાનુમતે વરણી કરવામા આવી હતી પ્રાંતિજ તલોદ સિંધી પંચાયત ના મુખી ધરમદાસ ટેકવાણી તેમજ લાલભાઈ એ સ્વાગત કર્યુ હતુ જયારે સમાજ વિવિધ ક્ષેત્રે પદભાર સંભાળતા દિપુભાઈ પબરેજા, મનોજકુમાર નરસિંધાણી તેમજ રાજેશકુમાર ટેકવાણી નુ પણ સન્માન પત્ર આપીને શાલ ઓઢાડીને સન્માન કરવામા આવ્યુ હતુ.

બાયડ નગરપાલિકામાં ઠરાવ તો થયો પરંતુ ૧૬ મહિનાથી અમલ કેમ નહીં ?

બાયડ પાલિકામાં બંધ કેમેરા ચાલુ કરતાં સત્તાધિશોને કોણ રોકે છે!!

ગાંધીનગર, તા.૦૯

બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યાના ૧૬ મહિનામાં દર ૩ મહિને યોજાતી સામાન્ય સભામાં થયેલા અનેક ઠરાવોનો અમલ થતો નથી. બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા ઠરાવોના અમલીકરણ તેમજ બાયડ પાલિકામાં કેમેરા લાંબા સમયથી બંધ છે તે ચાલુ કરવા સહિતના અનેક લોકહિતના મુદ્દા રજૂ કર્યા પરંતુ ભાજપના ૪ સભ્યો પ્રમુખની ગેરબંધારણીય હાજરીમાં વિરોધ કરતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા પછી બાયડ પાલિકાના એક સભ્ય દ્વારા તા.૨૮-૪-૨૦૨૧ ની સામાન્ય સભામાં પસાર કરેલ ઠરાવ નં.૧૭ સોશ્યલ મીડીયામાં મૂક્યો છે અને તેમાં પોલીસ વિભાગ દ્વારા સંમતિ આપી નથી જેથી સી.સી.ટીવી ડેટા કલેક્ટ કરવા અંગેનું ઈન્સ્ટ્રુમેન્ટ નગરપાલિકા કચેરીએ મૂકવા અને વાયરલેસ સી.સી.ટીવી કેમેરા તથા એસેસરી સાથે જરૂરી વિસ્તારમાં ફીટ કરાવી ચાલુ કરાવવા અંગેની તમામ કાર્યવાહી કરવા પ્રમુખ, ચીફ ઓફીસરને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવ્યું હતું તો પછી પાછલા ૧૬ મહિનામાં ઠરાવના અમલીકરણ માટે પોલીસ વિભાગના અધિકારી સમક્ષ કેમ રજૂઆતો કરવામાં આવી નથી. જયારે કારોબારી બેઠકમાં બાયડ પાલિકામાં બંધ કેમેરા ચાલુ કરવાનો મુખ્ય મુદ્દો હતો તેમાં તો પોલીસની કોઈ પરવાનગી લેવાની હોતી નથી છતાં કેમેરા કેમ લાંબા સમયથી બંધ હાલતમાં છે તેવા સવાલ શરૂ થયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભાજપ શાસિત બાયડ નગરપાલિકામાં વર્તમાન સત્તાધિશો સામે રોષ સતત વધી રહ્યો છે અનેક વિસ્તારો ગંદકીથી ખદબદી રહ્યા છે અને રોગચાળો વકરે તેવી પૂરેપૂરી દહેશત છે. જયારે બાયડ પાલિકાના ભાજપમાં જૂથવાદ વકર્યો હોય તેવું સ્પષ્ટ ચિત્ર બહાર આવ્યા પછી પણ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ વ્હાલા દવાલાની નીતિ અખત્યાર કરી રહ્યાની ચર્ચાઓ હવે અનેક ભાજપના કાર્યકરો પણ કરવા લાગ્યા છે. ત્યારે બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા પછી થયેલા અનેક ઠરાવોનો અમલ થતો નથી જેમાં ભૂગર્ભ ગટરનાં તૂટી ગયેલાં ઢાંકણના કારણે જોખમ ઉભું થયું હોવાથી નવાં ઢાંકણ ખરીદવાં, જર્જરીત કચરાનું વહન કરતા વાહનોની ખરીદી, બાયડ નગરમાં પ્રજાની સુરક્ષાને ધ્યાને રાખી સી.સી.ટીવી કેમેરા લગાવવા સહિતના અનેક ઠરાવો હજુ પણ અદ્ધરતાલ રહ્યા છે. બાયડ પાલિકાની સામાન્ય સભામાં ઠરાવો તો થતા હોય છે પરંતુ તે માત્ર પ્રોસેડીંગ બુકમાં શોભાના ગાંઠીયારૂપ બનીને રહી ગયા છે તેનું શું?? પોલીસ વિભાગ દ્વારા બાયડના મુખ્ય બજાર સહિત વધુ અવર જવરવાળા વિસ્તારમાં કેમેરા લગાવીને તેનું સંકલન કરવા માટે પોલીસ વિભાગ સંમતિ આપતું નથી તો પછી પાલિકા પ્રમુખ અને ચીફ ઓફીસર દ્વારા રાજ્યના ગૃહ વિભાગ સમક્ષ રજૂઆત કરીને સંમતિ મેળવતાં કોણ રોકતું હતું તેવા અણિયાળા સવાલ પણ સામે આવ્યા છે.

ભિલોડામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં પરાંપરાગત વેશભૂષા અને ઢોલ-નગારા સાથે ભવ્યાતિભવ્ય રેલી યોજાઈ

ભિલોડા, તા. ૯

૧૯૯૩ની સાલમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૯ મી ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે જાહેર કર્યો પછી દર વર્ષે ગુજરાત સહીત સમગ્ર દેશમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં વિશ્વ આદિવાસી દિવસે ભવ્ય શોભા યાત્રા નીકળી હતી. જેમાં પરંપરાગત વસ્ત્રો ધારણ કરીને નૃત્ય કરતા કરતા આદિવાસી સમાજે ગૌરવંતા દિવસની ઉજવણી કરી હતી. ભિલોડા સર્કલ પર બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જીલ્લા સહીત ભિલોડા તાલુકામાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજ વસે છે ત્યારે સમાજ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભેગા થઈને સમાજના ક્રાંતિકારી નેતા બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી ભિલોડા નગર બિરસા મુંડા અને જય આદિવાસીના નારાથી ગુંજી ઉઠ્યું હતું

અંડર બ્રીજ ચોમાસામાં બન્યા માથાના દુખાવા

રાજેન્દ્રનગર વિસ્તારમાં ધોધમાર વરસાદથી અંડર બ્રીજમાં પાણી પાણી : અનેક વાહન ચાલકોને હાલાકી

ડીઝાઈનમાં ખામી કે યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થાનો અભાવ.!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

જિલ્લામાં વરસતા વરસાદમાં અંડર બ્રીજ ચોમાસા દરમ્યાન માથાના દુખાવારૂપ બની રહ્યા છે. હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર વિસ્તારમાં ધોધમાર વરસાદથી અંડર બ્રીજમાં પાણી પાણી થઈ જતાં અનેક વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી હતી અને અનેક કર્મચારીઓ સમયસર ફરજ પર પહોંચી ન શક્યાની વિગતો સામે આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રેલવે તેમજ નેશનલ હાઈવેના રુટ ઉપર નાના વાહન ચાલકોને અવર જવરમાં કોઈ મુશ્કેલી ન પડે તેમજ ખેડૂતો તેમની યાંત્રિક મશીનરી પણ આસાનીથી ખેતરમાં લઈ જઈ શકે તે માટે વિભાગો દ્વારા અંડર બ્રીજ બનાવી આપવામાં આવ્યા છે પરંતુ અંડર બ્રીજ બનાવતી વખતે ડીઝાઈનમાં ખામી છે કે કેમ..?? ચોમાસા દરમ્યાન પાણી ભરાશે તો તેના યોગ્ય નિકાલ માટે ડ્રેનેજ વ્યવસ્થા સારી રીતે ઉભી કરવામાં આવી છે કે કેમ..?? તેની તસ્દી લેવાઈ ન હોય તેવી સ્થિતિ જોવા મળી છે. છેલ્લા ૨ દિવસથી હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદની હાજરી નોંધાઈ છે. રાજેન્દ્રનગરમાં સાંબેલાધારે ૨ ઈંચ વરસાદ વરસ્યા પછી અંડર બ્રીજમાં પાણી ભરાઈ ગયાં હતાં. અંડર બ્રીજમાંથી વાહન હંકારવાનો પ્રયાસ કરનારા અનેક વાહન ચાલકો મધ્યમાં ફસાઈ જતાં માંડ માંડ વાહન સાથે બહાર કાઢવા પડ્યા હતા. જયારે શ્રાવણિયો સોમવાર અને અંડર બ્રીજમાં પાણી ભરાવવાના કારણે અનેક શિક્ષકો પણ સમયસર શાળાએ પહોંચી શક્યા ન હતા. ત્યારે રેલવેના અંડર બ્રીજમાં રહેલી ખામી સત્વરે દૂર કરી રેલવે વિભાગ દ્વારા સ્થાનિક રહીશોની હાલાકી દૂર કરવી જોઈએ તેવો જનમત પ્રવર્તિ રહ્યો છે.

'અમૂલ્ય એવા તિરંગાનું મૂલ્ય ૨૫ રૂપિયા સમજીને તેનું અપમાન ના કરીયે...'

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૯

મારા આજના ૧૭૫ મા આર્ટિકલનું મહત્વ નથી પણ આઝાદીના ૭૫ મા વર્ષનું ખૂબ મહત્વ છે!! મને બહૂજ ખુશી એ વાતની થાય છે કે "તિરંગા" માટે જેટલી લાગણી આઝાદીના ૭૫ વર્ષે થઈ છે એટલી ભૂતકાળમાં ક્યારેય નથી થઈ... એવું નથી કે તિરંગા માટે કોઈ ભારતીયને લગાવ નથી પરંતુ એ પણ હકીકત છે કે આપણે સૌએ "તિરંગા" ને આપણા અંગત સ્વાર્થથી વધુ મહત્વ ક્યારેય નથી આપ્યું અને કદાચ એટલે જ ભારત આઝાદીના ૭૫ વર્ષે પણ જાપાન કે ઇઝરાયલ જેવું નથી બની શક્યું!! દેશમાં રાષ્ટ્રવાદને મજબૂત કરનાર મોદીજી પહેલા પ્રધાનમંત્રી છે તે હું ગૌરવ સાથે છાતી ઠોકીને કહી શકું... હમણાં જ વિશ્વની "કોમન વેલ્થ ગેમ" રમાઈ અને તેમાં ભારતને અભૂતપૂર્વ સફળતા સાથે ચંદ્રકો મળ્યા તેનું કારણ એકમાત્ર રાષ્ટ્રવાદ અને "તિરંગો" છે!!

વ્યક્તિ જ્યારે પોતાનાથી કુટુંબને વિશેષ સમજે ત્યારે કુટુંબની સધ્ધરતા વધે છે, કુટુંબ પોતાનાથી વધુ ગામની વિશેષ ચિંતા કરે છે ત્યારે ગામ સધ્ધર બને છે અને આ હકીકત છે... આ હકીકત છે ત્યારે ભારતનો પ્રત્યેક નાગરિક પોતાનાથી, કુટુંબથી, ગામથી, સમાજથી, જાતિથી, સંપ્રદાયથી વિશેષ મહત્વ "રાષ્ટ્ર" ને આપે તો તે રાષ્ટ્રની તાકાત કેટલી હોઈ શકે?? થર્ડ અમ્પાયરની કોઈ નાત જાત નથી હોતી કારણકે તે તટસ્થ વાત જ કરી શકે અને આ થર્ડ અમ્પાયરને એક વાતનું દુઃખ છે કે ભારતની જનતા આજે પણ પોતાની જાતિ, સમાજ, સંપ્રદાય માટે સર્વસ્વ આપી દેવા તૈયાર છે પણ રૂપિયા ૨૫ નો એક તિરંગો લઈને ગૌરવભેર પોતાના ઘર ઉપર લગાવવા બાબતમાં જોઈએ તેટલી ગંભીર નથી!! ૨૫ રૂપિયાનો સવાલ નથી પણ રાષ્ટ્ર પ્રત્યેની ગંભીરતા અહીંયા છતી થાય છે....

એમાંય કેટલાકને તો એવા વાહિયાત પ્રશ્નો પણ થાય છે કે શું તિરંગો ફરકાવીશું તો જ રાષ્ટ્રપ્રેમ નિર્માણ થશે?? તેવા તમામ મિત્રોને હું અનુરોધ કરું છું એકવાર તમારા હાથમાં તિરંગો તો લઈ જુવો ?? હાથમાં તિરંગો પકડશો તો પણ તમારા રગેરગમાં રાષ્ટ્રવાદનો ધબકાર થશે અને આ ધબકાર એક મજબૂત રાષ્ટ્રના નિર્માણ તરફ લઈ જનારો હશે!! સ્વાતંત્ર્યદિન કે પ્રજાસત્તાકદિન હોય કે પછી સીનેમાઘરમાં માત્ર ૨ મિનિટનું રાષ્ટ્રગીત સાંભળીને આપણામાં શારીરિક અને માનસિક વાયબ્રેશનમાં જે ફેરફાર થાય છે તેની કલ્પના કરી જુવો!! રાષ્ટ્રગીત અને તિરંગો આપણામાં દેશદાઝ ઉભી કરે છે અને વતનપ્રેમ નિર્માણ કરે છે ત્યારે તારીખ ૧૩-૧૪-૧૫ તમામ જગ્યાએ તિરંગો માત્ર આપણી આંખો સમક્ષ હશે તો આપણી માનસિકતા કેવી થશે?? આપણે ભલે ગમે તે ધર્મ કે સંપ્રદાયને માનતા હોઈએ પણ તે "તિરંગા" થી વિશેષ નથી!!

મને એ સ્પષ્ટતા કરતા આનંદ થાય છે કે આપણને એક એવા પ્રધાનમંત્રી મળ્યા છે કે જે વહીવટી જવાબદારી નિભાવવાની સાથે એક શિક્ષક બની ભારતીય નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમનું નિર્માણ કરી રહ્યા છે... મોદીજીનું રાષ્ટ્રવાદનું સપનું પોતાના અંગત સ્વાર્થ માટે બિલકુલ નથી પણ એ ભારત દેશનું સપનું છે અને એ આપણે સૌએ સાથે મળીને સાકાર કરવું જોઈએ... રાષ્ટ્રવાદ હશે તો ભારત કોમન વેલ્થ ગેમમાં જ નહીં ઓલિમ્પિક ગેમમાં પણ ખૂબ આગળ જઈ શકશે... ચંદ્ર કે મંગળ ગ્રહની સાથે સાથે અન્ય ગ્રહ ઉપર પણ બીજા દેશો પહેલા પહોંચી શકે છે અને વિશ્વની લશ્કરી કે આર્થિક તાકાત પણ બની શકે છે આ તાકાત માત્રને માત્ર રાષ્ટ્રવાદમાં જ રહેલી છે!!

બાયડમાં આજે ભાજપ દ્વારા હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગાના નારા સાથે રેલી યોજાશે

બાયડ શહેર તેમજ તાલુકા ભાજપ સંગઠન દ્વારા આયોજન કરાયું

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૯

આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ બાયડમાં આજે બુધવારે ભાજપ દ્વારા હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગાના નારા સાથે રેલી યોજાશે. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર અને તેમની સંગઠન ટીમ સહિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં તિરંગા રેલીનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થતાં સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાયડમાં અત્યારથી જ પ્રજાએ પોતાની મિલ્કતો ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવવાની શરૂઆત કરી દીધી છે. બાયડ તેમજ તેના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અનેક મિલ્કતો ઉપર રાષ્ટ્ર લહેરાતા જોઈને પ્રજામાં અનોખી ખુશાલી સામે આવી છે. બાયડ નગર તેમજ બાયડ તાલુકાના ભાજપ સંગઠન ઉપરાંત સ્વૈચ્છીક સંગઠનો અને સંસ્થાઓ દ્વારા આજે તા.૧૦ ઑગષ્ટના રોજ બાયડના વિશ્રામ ગૃહ થી પોલીસ સ્ટેશન સુધી સવારે ૧૦-૦૦ વાગે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગાના નાદ સાથે નિકળનારી રેલીમાં બાયડ તાલુકા પ્રભારી યશપાલસિંહ પુંવાર, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન મંત્રી રાહૂલપૂરી ગોસ્વામી, ચંદ્રીકાબેન શાહ, બાયડ શહેર અને તાલુકા ભાજપ સંગઠનના પદાધિકારીઓ ઉપરાંત બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન અતુલભાઈ જોષી, જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના પૂર્વ ચેરમેન, બાયડ નગરપાલિકા કોર્પોરેટર હર્ષદભાઈ પટેલ, બાયડ નગરપાલિકાના ભાજપના કોર્પોરેટરો, પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ પટેલ, ધવલસિંહ ઝાલા, અદેસિંહ ચૌહાણ, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલ, બાયડ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન સોલંકી, કારોબારી અધ્યક્ષ શિલ્પાબેન કમલેશભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ જીજ્ઞાબેન પંચાલ, મંત્રી પુષ્પાબેન એન. પટેલ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ સહિત અનેક કાર્યકરો પણ ઉપસ્થિત રહેશે.

પથ્થર થર-થર ધ્રૂજે...એક હથોડી જ્યાં પડે, સારું જગત તેને પૂજે...

અંબાજી SAPTI ખાતે જગદીભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય કક્ષાના રજા શિલ્પોત્સવનનુ સમાપન

પાલનપુર તા.૯

કાળમિઢ પથ્થરને જીવંત કરવાનો એક અદભૂત કાર્યક્રમ યાત્રાધામ અંબાજીને આંગણે સંપન્ન થયો છે. એક પથ્થરને જ્યારે કલાકાર તેનાં ટાંકણા વડે કોઈ આકાર આપે છે ત્યારે તે દેવત્વ ધારણ કરે છે અને સર્વ જગત તેને ભગવાનના રૂપે પૂજે છે. કલાકાર પોતાનામાં રહેલી આંતરસૂઝ, સર્જનશક્તિના સહારે તેમાં પ્રાણ પૂરવાની જે કોશિશ કરે છે. તેને બળ આપવા માટે રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ અંતર્ગત કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ગાંધીનગર સંચાલિત બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે આવેલ સ્ટોન આર્ટિઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (સામિ) ખાતે તા.૨૦ જુલાઈથી રાષ્ટ્રીયકક્ષાના ૨ જા શિલ્પોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો સમાપન સમારોહ આજે સહકાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને અંબાજી સામિ ખાતે યોજાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પથ્થરમાં પ્રાણ પુરવાની કલાકારની આ શક્તિને જો કાવ્ય કંડિકામાં કંડારીએ તો એમ કહી શકીએ કે, 'પથ્થર થર-થર ધ્રૂજે...એક હથોડી જ્યાં પડે, સારું જગત તેને પૂજે....

આ શિલ્પોત્સવ દરમ્યાન

દેશના જુદા જુદા રાજયોમાંથી આવેલા શિલ્પકારોએ પોતાની કલાના કામણ પાથર્યા હતા તે નિહાળીને મંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, આપણા ભારતની મહાન પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ આ શિલ્પોત્સવના માધ્યમથી થયું છે ત્યારે શિલ્પોત્સવમાં દેશભરમાંથી આવેલા તમામ શિલ્પકારોને અભિનંદન પાઠવી તેમની કલાને બિરદાવું છું. મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, આપણી સંસ્કૃતિના જતન માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૦૯માં ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી અને ક્રાંગધ્રા ખાતે સ્ટોન આર્ટીઝન પાર્કનું નિર્માણ કરાવ્યું હતું. આવનારા સમયમાં શિલ્પકળાના વિકાસ અને માર્કેટ માટે સાથે મળીને કામ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગના કમિશ્નરશ્રી રૂપવંતસિંહે જણાવ્યું કે, રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શનથી આપણે માઈનીંગ ક્ષેત્રમાં ખુબ સરસ કામગીરી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, શિલ્પકળાના પ્રચાર -પ્રસાર અને તેને વિકસાવવા માટે અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર સિપોઝીયમ શરૂ કરવાનું આયોજન છે. તેમણે શિલ્પોત્સવમાં ભાગ લેનાર તમામ શિલ્પકારો અને માઈનીંગ સાથે જોડાયેલા અગ્રણીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. શિલ્પોત્સવના સમાપન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ શિલ્પકારો દ્વારા ઉભા કરવામાં આવેલ વિવિધ પ્રદર્શની સ્ટોલની મુલાકાત લીધી હતી અને તેમના કામ, કલા અંગેના વિચારો જાણી તેમના કાર્યને બિરદાવ્યું હતું. શિલ્પોત્સવમાં ભાગ લેનાર તમામ શિલ્પકારોને મંત્રીશ્રીના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સામિ સ્ટેટ નોડલ યુનિટના નિયામકશ્રી વીણા પંડ્યા, અંબાજી સેન્ટર સામિ ડિરેક્ટરશ્રી નીતિન દત્ત, બનાસકાંઠા ભૂસ્તરશાસ્ત્રી શ્રી સુભાષ જોશી સહિત અધિકારીઓ, માઈનીંગ લીઝના માલિકો ,અગ્રણી શ્રી દિપકભાઈ પટેલ અને શિલ્પકળા સાથે સંકળાયેલ કલા રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ સુધારણા માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસડેરી દ્વારા ભારતમાં

સૌ પ્રથમવાર એન.ડી.ડી.બી ના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો, આજે આ ટેક્નોલોજીમાં બનાસડેરીને પ્રથમ સફળતા મળી છે. ધાનેરા તાલુકાના સોતવાડા ગામે એમ્બ્રિયો ટ્રાન્સફર થકી પ્રથમ કાંકરેજ વાછરડાનો થયો જન્મ. એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં સફળતા મળવી એ બનાસડેરી સાથે લાખો પશુપાલકો માટે ખુશીના સમાચાર છે. ખેતીના વ્યવસાયની સાથે સાથે પશુપાલન વ્યવસાયમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિને અપનાવીને આ વ્યવસાયને વિકસાવવામાં આવી રહ્યો છે તે અત્યંત મહત્વપૂર્ણ છે.

પ્રાંતિજમાં મુસ્લિમ સંસ્કૃતિની બે નમૂના કલા-કારીગીરીની ઝાંખી કરાવતાં તાજીયાનું ભવ્ય ઝુલુસ નિકળ્યું

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બારકોટ અને પઠાણવાડા માંથી મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરાયેલા તાજિયા મોહરમ પર્વ નિમિત્તે નીકળ્યા હતા જેમાં પ્રાંતિજ મેનબજાર માં થઈને વિવિધ વિસ્તારોમાંથી પ્રસાર થઈ નિયત કરેલ જગ્યાએ તાજિયા ઉભા રાખવામાં આવ્યા હતાં. ઈસ્લામ ધર્મના મહાન પયંગબર મોહમંદ સાહેબ ના દોહિત્ર ઈમામ હુસેન તથા ૭૨ સાથીદારો શહાદત ની યાદગીરી માં મુસ્લિમ સમાજ ના વિસ્તારોમાં તાજિયા કમિટીઓ દ્વારા તાજિયા બનાવડાવી નવ અને દશમાં દિવસે મહોરમ ના દિવસે પ્રાંતિજ ના બજારમાં તાજિયા જુલુસ કાઢવામાં આવ્યું હતું જેમાં

મુસ્લિમ-હિન્દુઓ સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતાં તો પોતાની બાધા-આખડીઓ પૂર્ણ કરેલી જયારે આજુબાજુના ગામડાઓમાંથી પણ જુલુસ જોવા ગ્રામજનો ઉમટી પડયા હતાં તો જુલુસ સાથે રફાઈના વિવિધ પ્રકાર ના કરતબો રજુ કરવામાં આવ્યાં હતાં તો પ્રાંતિજ પીઆઈ પી.પી.વાઘેલા દ્વારા શંકાશીલ વિસ્તાર અને જુલુસ નિકળવાના સ્થળો ઉપર ચુસ્તપણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો તો પૂર્વ કાયદામંત્રી વી.ડી.ઝાલા , નગર પાલિકાપ્રમુખ દિપકભાઈ કડીયા , રઈશભાઈ કસ્બાતી, નગરપાલિકા પૂર્વ પ્રમુખ ભરતભાઈસોલંકી , ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ , નગરપાલિકા કોર્પોરેટર નયનભાઈ દેસાઈ, રાજેશભાઈ ટેકવાણી, મહેબુબ ભાઈ બલોચ, રાણાવકિલ સહિત ગામના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં જયારે પઠાણવાડા ત